જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૭૧/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૪,૧૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૨/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૮ બિયર ટીન અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૧૫,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૭૩/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યકિતઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૭૪/૨૦૨૨

**ઈસનપુરઃ** સુરેશભાઇ નારણભાઇ ચાવડા (ઉ.વ.૫૩) (રહે. વિષ્ણુનગર સોસાયટી વસ્ત્રાલ રોડ સુરેલીયા એસ્ટેટ સામે અમરાઇવાડી) એ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘોડાસર કેડિલા બ્રિજ પાસે હર્ષદ શોપીંગ સેન્ટરના ગ્રાઉન્ડ ફલોર ઉપર શિવ શકિત ફલોર ફેકટરી નામની પોતાની દુકાન ખાતે એક ભગવા કપડાવાળા તેમજ બિજો કાળા કપડાવાળા બાવા જેવા લાગતા બે પુરૂષ દુકાનમા આવી કાળા કપડાવાળા એ પોતાની ગુરૂ તરીકેની ઓળખ આપી સુરેશભાઈને રૂદ્રાક્ષ આપી મુઠ્ઠીમાં બંધ કરીને તે સુંઘવાનુ જણાવી, ત્યારબાદ કાળા કપડાવાળા પુરૂષે વિધિ કરીને પૈસા ડબલ કરી આપવાની લોભામણી લાલચ આપી સુરેશભાઈ પાસેથી પૈસા મંગાવતા સુરેશભાઈએ રૂપિયા ૧૭,૫૦,૦૦૦/- તેઓને આપતા, કાળા કપડાવાળા પુરૂષે રૂપિયા ભરેલ થેલો દુકાનમા ટેબલ ઉપર મુકાવી થેલામાંથી રૂપિયા કાઢી તેઓની પાસેના કાળા કપડામા મુકી, સુરેશભાઈને વિધી કરવાના બહાને આંખો બંધ કરીને ધ્યાનમા બેસાડી "પોતે કહે નહી ત્યા સુધી આંખો ખોલવાની નહી" તેમ જણાવી બંને પુરૂષો રૂપિયા ૧૭,૫૦,૦૦૦/- લઇ જતા રહી સુરેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**નવરંગપુરાઃ** અભીલાષ સ/ઓ વિશ્વનાથ ઉનીથાન (ઉ.વ.૨૬) (રહે. રાજહંસપાર્ક બોયસ હોસ્ટેલ એચ.એલ.કોલેજ રોડ નવરંગપુરા) એ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા સી.જી.રોડ ગીરીશ કોલ્ડ્રીક્સ અમોલા કોમ્પલેક્સ ત્રીજો માળ આવાસ ફાઇનાંસીયલ્સ લી. નામની કંપની ખાતે કામ કરતા સુમીત સ/ઓ રણજીત ગોધારા (રહે.સાશ્વત પી.જી., સી.જી.રોડ) (મુળ વતન. વોર્ડ નંબર-૫, ૫ MJD હનુમાનગઢ રાજસ્થાન) માહે સપ્ટેમ્બર/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગ્રાહકો પાસેથી લોનના હપ્તા પેટે ભરવાના થતા રૂપીયાની કંપનીના નામે ઉઘરાણી કરી કુલ રૂપિયા ૭૪,૫૧૨/- મેળવી લઇ કંપનીમા જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૨૦૨૨**

**સરખેજઃ** મિહિરભાઇ દિલીપભાઇ પટેલ (રહે. એશિયનપલ સોસાયટી સાયન્સ સીટી સામે સોલા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૨ રાતના ૮/૩૦ થી તા.૧૬/૧૦/૨૦૨૨ કલાક ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ સાણંદ સર્કલ નજીક લાલજી મુળજી ટ્રાન્સ્પોર્ટ પાછળ સહજાનંદ એસ્ટેટ ગોડાઉન નં.૮૮ તથા અન્ય છ-સાત ગોડાઉનના શટર ઉંચા કરી, ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ગોડાઉનના કેબીનના ડ્રોઅરના લોક તોડી, ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**શાહીબાગઃ** નરેશભાઇ અરવિંદભાઇ ભટ્ટ (રહે. મુખીવાસ જહાંગીરપુરા સિવીલ હોસ્પીટલ ઓ.પી.ડી. સામે અસારવા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૨ રાતના ૯/૩૦ થી તા.૧૭/૧૦/૨૦૨૨ કલાક ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સિવીલ હોસ્પીટલ ગેટ નંબર-૫ આગળ “જય બ્રહ્માણી માતા” ના મંદીરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મંદિરમાંથી ચાંદીની ચરણ પાદુકા નંગ-૨ કિમત રૂપિયા ૧૨,૦૦૦/- તેમજ દાનપેટી તોડી દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

**સરદારનગરઃ** સતીષભાઇ દિલીપકુમાર તુલસિયાણી (રહે. અક્ષરધામ બંગ્લોઝ હીરાપાર્ક ફ્લેટ સામે આદર્શ પ્રાથમિક સ્કુલની બાજુમાં કુબેરનગર) એ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૧૭/૧૦/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કુબેરનગર રાજાવીર રોડ ઠાકોરવાસની બાજુમાં દુકાન નંબર-ઇ-૨૮૮ ના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી એ.સી.માટે લગાવેલ ગેસ કોપર વાયર કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. કિમત રૂપિયા ૮૦૦૦/- અને કાઉન્ટરના ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૬/૨૦૨૨**

**પાલડીઃ** નિલેશ જયંતિલાલ વાસાણી (રહે. સુરમ્યગ્રીન સોલા ભાગવત મંદિર સામે સોલા) એ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૦૧/૦૯/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી સરદારબ્રીજ નીચે તથા બ્રીજની આજુબાજુ લગાવેલ મલ્ટી કલર ડેકોરેટ લાઇટ સિસ્ટમ, કન્ટ્રોલ સિસ્ટમ, બાર લાઇટો તથા કેબલ મળી આશરે કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુકલ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** મયુર રતિભાઈ ભરવાડ (રહે. ભરવાડ વાસ વિંઝોલ ગામ એસ.પી.રીંગ રોડ વટવા જીઆઈડીસી) એ તા.૧૦/૧૦/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગે સરસ્વતી ચાર રસ્તા પાસે વિંઝોલ ગામ જવાના રસ્તે આવેલ મેલડી કૃપા રેસ્ટોરન્ટ બહાર પોતાની આઈસર ગાડી નંબર જીજે.૧૫.એક્સએક્સ.૪૫૬૦ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૧૦/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મયુર ભરવાડ એ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** રાધાબહેન ડો/ઓ રામચંદભાઈ મેણા (ઉ.વ.૧૫)(રહે.ડાહ્યાભાઈ ચેમ્બર્સ પ્રિયા સિનેમાની બાજુમાં ને.હા. નંબર-૦૮ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૨ સાંજના ૪/૪૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** રવિભાઈ ગુણવંતભાઈ પંચાલ (ઉ.વ.૨૧) (રહે.રાજીવનગર સોસાયટી કુમકુમ પાર્ટી પ્લોટની બાજુમાં ચીકુવાડી સામે જગતપુર રોડ ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેશસિંહ નટવરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી